ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





ગાંધીનગરના પાદરે બનાવાયેલા સંત સરોવરમાં નવા નીર આવ્યા છે. નવા નીર આવતા સંત સરોવર અને તેની આસપાસના વિસ્તારનું સૌંદર્ય ખીલી ઉઠ્યુ છે. અત્યાર સુધી ત્રણેક વખત સંપૂર્ણ ભરાયેલા સંત સરોવરમાં કદાચ પહેલી વખત જુલાઈ મહિનામાં જ પાણી આવ્યુ છે. પાણી આવ્યુ એટલુ જ નહી પરંતુ તે નેવુ ટકા જેટલુ ભરાયુ છે તે ઐતિહાસિક ઘટના છે. આ વર્ષે મેઘરાજાએ ખુબ મહેર કરી છે. ચોમાસુ વહેલુ બેસી ગયુ છે અને વરસાદ પણ ધોધમાર પડ્યો છે. સંત સરોવરના ઉપરવાસમાં ખુબ સારો વરસાદ પડતા સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે સાબરમતી નદી ગાંધીનગરમાં બે કાંઠે વહી રહી છે. સાબરમતી નદીનું પાણી સંત સરોવરમાં જમા થઈ રહ્યું છે. તા. ૧૨મી જુલાઈ, ૨૦૨૩ને બુધવારના રોજ બપોરના ૩.૦૦ કલાકની સ્થિતિએ સંત સરોવરમાં પાણીનો જથ્થો હાઈ એલર્ટ એટલે કે ૯૦ ટકા સુધી પહોંચી ગયો છે. સંત સરોવરમાં ઉપરોક્ત સમયે પાણીની સપાટી ૫૫.૨૦ મીટર એટલે કે ૧૮૧.૦૭ ફૂટ નોંધાયેલ છે. હાલમાં સંતસરોવરમાં ભરાયેલ પાણીનો જથ્થો ૯.૦૫૮ મીલીયન ઘન મીટર છે. સંત સરોવર હાલમાં ૯૦.૦૪ ટકા ભરાયેલ છે.

# રાજ્યસભાની ત્રણેય બેઠકો પર ભાજપનો વિજય નિશ્ચિત

**ભાજપના વધુ બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ અને વાંકાનેર રાજવી પરિવારના કેસરીદેવસિંહ ઝાલાની પસંદગી કરાઈ : કેન્દ્રીય વિદેશમંત્રી એસ. જયશંકરે સોમવારે ઉમેદવારી નોંધાવી હતી**

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતની રાજ્યસભાની ખાલી પડેલી ત્રણ બેઠકોની દ્વિવાર્ષિક ચૂંટણી માટે ભાજપના વધુ બે ઉમેદવારોએ આજે તેમની ઉમેદવારી નોંધાવી છે.


આજે સવારે કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ગુજરાતની બાકીની બે બેઠકો માટે બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ અને કેસરીદેવસિંહ ઝાલાના નામની જાહેરાત કરાઈ હતી.

બપોરે બે વાગે આ બન્ને ઉમેદવારોએ તેમના શુભેચ્છકો, સમર્થકો, ધારાસભ્યો, મંત્રીમંડળના સભ્યો તેમજ વિશાળ સંખ્યામાં હાજર રહેલ કાર્યકરોની હાજરીમાં ઉમેદવારીપત્ર ભર્યા છે.

સોમવારે કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકરે ઉમેદવારી નોંધાવી હતી. વિપક્ષ તરફથી આ જંગમાં કોઈ ઉમેદવાર ઉભો નહિ રાખવાનો નિર્ણય લેવાયો છે તેથી ભાજપના ત્રણેય ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર કરાશે તેમ સ્પષ્ટ બની રહ્યુ છે.

આજે ભાજપ દ્વારા જે બે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે તેમાં રબારી સમાજના ભામાશા તરીકે ઓળખાતા કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ પર પસંદગી ઉતારવામાં આવી છે. ૨૦૦૭-૨૦૧૨ દરમ્યાન તેઓ વિધાનસભાના સભ્ય રહ્યા હતા.

તેમના નામની જાહેરાત થતાં જ બનાસકાંઠાથી મોટી સંખ્યામાં કાર્યકરો ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને તેમના પર અભિનંદનની વર્ષા કરી દીધી હતી.



વાંકાનેર રાજવી પરિવારના કેસરીદેવસિંહ ઝાલા એ ક્ષત્રિય સમાજના અગ્રણી છે. યુવા છે તેમજ સેવાભાવી અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેઓ વાંકાનેર સ્પોર્ટસ એકેડમી સાથે પણ સંકળાયેલા છે.

તેઓ જિલ્લા ભાજપ રાજકોટ તેમજ મોરબીના ઉપપ્રમુખ તરીકે પણ સેવાઓ આપી ચુક્યા છે.

કેસરીદેવસિંહજીના પિતા દિગ્વીજયસિંહ ઝાલા ભારત સરકારમાં પર્યાવરણ મંત્રી પદે હતા. તેમના કાકા જનકસિંહ ઝાલા પણ ૧૯૭૫ થી ૮૦ સુધી વિધાનસભાના સભ્ય હતા. તેમનો મોસાળપક્ષ પણ રાજકીય ક્ષેત્રે સક્રિય છે. તેઓ કુશળ સંગઠ્ઠક છે. તેઓએ અગાઉ વિધાનસભાની ટિકિટ પણ માંગી હતી.

ભાજપે કેસરીસિંહ ઝાલાને ઉમેદવાર બનાવીને એક કાંકરે બે પક્ષી મારવાનો દાવ રમ્યો છે. કેસરીસિંહનો ફાયદો ભાજપને આગામી રાજસ્થાનની ચૂંટણીમાં પણ થઈ શકે છે. કારણ કે કેસરીસિંહનું મોસાળ રાજસ્થાનના રાજવી પરિવારમાં થાય છે.

રાજ્યસભામાં ગુજરાતની કુલ ૧૧ બેઠકો છે જેમા હાલ ભાજપ પાસે ૮ બેઠકો છે જ્યારે કોંગ્રેસ પાસે ૩ બેઠકો છે. ભાજપના ૮ રાજ્યસભા સાંસદોમાં રામભાઈ મોકરિયા, રમીલાબેન બારા, નરહરિ અમીન, પરષોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા, એસ. જયશંકર, દિનેશચંદ્ર અનાવડીયા અને જુગલજી ઠાકોરનો સમાવેશ થાય છે. જયારે કોંગ્રેસના ત્રણ રાજ્યસભા સાંસદોમાં શક્તિસિંહ ગોહિલ, અમી યાજ્ઞિક અને નારણ રાઠવાનો સમાવેશ થાય છે. આ સાંસદોમાંથી ભાજપના ત્રણ સાંસદો દિનેશ અનાવડીયા, જુગલજી ઠાકોર અને એસ.જયશંકરની ટર્મ ૧૮ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ પૂર્ણ થઈ રહી છે ત્યારે આ ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાશે.

# જમીન કૌંભાડમાં પૂર્વ કલેકટર લાંગાને પાંચ દિવસના રીમાન્ડ

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગરના નિવૃત કલેકટર એસ.કે.લાંગા સામે અપ્રમાણસર મિલકત અને ભ્રષ્ટાચારનો કેસ બે માસ પહેલા સેકટર-૭ પોલીસ મથકે નોંધાયો હતો. જેમાં નિવૃત કલેકટર એસ.કે.લાંગાને રાજસ્થાનની હોટલમાંથી પોલીસે ઝડપી પાડ્યો છે. ત્યારે ગાંધીનગર આઈજી અભય ચુડાસમાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે જમીન કૌંભાડમાં એસ.કે.લાંગા સાથે જોડાયેલા વ્યકિતઓની પણ ધરપકડ કરવામાં આવશે. આજે પોલીસે એસ.કે.લાંગાને કોર્ટમાં રજુ કરીને ૧૪ દિવસના રીમાન્ડ માંગતા કોર્ટે પાંચ દિવસના રીમાન્ડ આપતા વધુ તપાસ હાથ ધરી છે.



મળતી વિગત મુજબ તા.૬-૪-૨૦૧૮ થી તા.૩૦-૯-૨૦૧૯ દરમિયાન ગાંધીનગર કલેકટર તરીકે એસ.કે.લાંગા ફરજ બજાવતા હતા. તે સમયગાળા દરમિયાન તેઓએ પોતાના હોદાનો દુરઉપયોગ કરી જમીનના ખોટા એન.એ.ના હુકમો કરી, સરકારમાં ભરવાનુ થતુ પ્રમિયમ નહી ભરાવી સરકારને આર્થિક નુકશાન કરી, બિન ખેડુતને ખેડુત તરીકે દર્શાવી, નવી શરતની જમીન જુની શરતમાં બતાવી, ખોટા પુરાવા ઉભા કરી અપ્રમાણસર મિલકત અને ભ્રષ્ટાચાર કર્યો હતો. નિવૃત કલેકટર એસ.કે.લાંગાની સાથે તત્કાલીન ચિટનીસ અને આરએસી સામે પણ ફરીયાદ નોંધાઈ હતી. બે માસથી એસ.કે.લાંગા ભુગર્ભ ઉતરી ગયા હતા. ત્યારે પોલીસે વિવિધ ટીમો બનાવી પકડી પાડવા માટે કવાયત હાથ ધરી હતી. ત્યારે ગઈકાલે રાજસ્થાનની હોટલમાથી એસ.કે.લાંગાને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે એસ.કે.લાંગાને કોર્ટમાં રજુ કરી ૧૪ દિવસના રીમાન્ડની માંગ કરી હતી.ત્યારે કોર્ટ દ્વારા પાંચ દિવસના રીમાન્ડ આપવામાં આવ્યા છે. ત્યારે હવે પોલીસની પુછપરછમાં કોના કોના નામ ખુલશે, તેમણે કોઈની સુચનાથી કામ કર્યા છે કે પોતાની રીતે કૌંભાડ આચર્યું છે. સમગ્ર બાબતની તપાસ કરવામાં આવશે તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજનાનો પ્રોજેકટ હજુ અધ્ધરતાલ

**છેલ્લા બે વર્ષથી સર્વે કરી દેવાયો પરંતુ નવા જોડાણ આપવાના મામલે સરકાર કક્ષાએથી કોઇ પોલિસી તૈયાર કરવામાં આવી નથી : બે વર્ષથી દરખાસ્ત પેન્ડીંગ**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા માટે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારના ગામોમાં પ્રોજેકટ સંદર્ભે સર્વે કરી દેવાયા બાદ અંદાજિત ૫ હજાર જેટલા નવા જોડાણ આપવાની અનિવાર્યતા સંદર્ભે તંત્રએ સરકારને દરખાસ્ત કરી હતી જયારે નળ સે જળ યોજના સંદર્ભે નવા જોડાણ આપવાના મામલે સરકાર કક્ષાએથી કોઈ પોલિસી તૈયાર ન થતા બે વર્ષના અંતે પણ આ પ્રોજેકટ હજુ અધ્ધરતાલ છે. તંત્ર દ્વારા રજુ કરવામાં આવેલી દરખાસ્ત પણ પેન્ડીંગ છે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં હાલ ઠેર ઠેર ખોદકામ કરીને નવી લાઈન નાંખવા માટે કામ ચાલી રહ્યુ છે. જો કે કરોડોના ખર્ચે તૈયાર થતા આ પ્રોજેકટને પુર્ણ થવામાં હજુ સમય લાગશે. જયારે આગામી એકાદ વર્ષમાં શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવામાં આવશે. જયારે શહેરી વિસ્તારની સાથે સમાવિષ્ટ ગામોમાં પણ પાણીની સમસ્યા બહુ જુની છે. સ્માર્ટ સીટી તરીકે ઉભરતા ગાંધીનગર વિસ્તારના ગામોમાં પણ દાયકાઓના અંતે માળખાગત સુવિધાઓના મામલે સ્થાનિકોમાં અસંતોષની લાગણી જોવા મળે છે. શહેરી વિસ્તારના ગામો પાલજ ,બાસણ , બોરીજ, ઈન્દ્રોડા , ધોળાકુવા, ફતેપુરા સહીતના વિસ્તારમાં પાણી ગટર અને રસ્તા સહીતના પ્રશ્ને અનેકવાર સ્થાનિકો દ્વારા રજુઆતો કરવામાં આવે છે. જો કે આ વિસ્તારમાં પાણીની સમસ્યાને ડામવા માટે અગાઉ નવા બોર પણ કાર્યરત કરાયા છે. જયારે બીજીતરફ સરકાર દ્વારા નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા માટે પણ યોજના તૈયાર કરવામાં આવી છે. જેના આધારે આ ગામોમાં ગેરકાયદેસર જોડાણને કાયદેસર કરવા તેમજ જરૂરી જોડાણ આપવા માટે પણ આયોજન કરાયુ છે.

જયારે આ નળ સે જળ યોજના અન્વયે અગાઉ તંત્ર દ્વારા ગામોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે આ ગ્રામ્ય વિસ્તારમાં અંદાજિત ૫ હજાર જેટલા નવા જોડાણ આપવાની અનિવાર્યતા હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. જયારે નવા જોડાણ આપવાની આ યોજના સંદર્ભે પાટનગર યોજના ભવન દ્વારા કઈ રીતે આયોજન કરવુ તેમજ કઈ નિતીનો અમલ કરવો સહીતની બાબતે સરકારનુ માર્ગદર્શન મેળવવા વિવિધ મુદ્દે પોલીસી તૈયાર કરવા સંદર્ભે દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ બે વર્ષના અંતે પણ આ મામલે હજુ સુધી કાંઈ થયુ નથી

● અનુસંધાન પાન-૭ પર

# જી.આઈ.ડી.સી.માં વધુ ૧૭ એકમોને મેલેરિયાતંત્રએ નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૧૨

શહેરના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં મનપાના શહેરી મેલેરિયાતંત્ર દ્વારા વધુ ૧૭ એકમોને નોટીસ થમાવવામાં આવી છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રિત રહે તે માટે હરકતમાં આવેલી મેલેરિયાતંત્રની ટીમો દ્વારા હાલ સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં વિવિધ સ્થાનો પર હાથ ધરાયેલ સર્વેલન્સની કામગીરી દરમ્યાન જ્યાંથી મચ્છરોના મોટા પ્રમાણમાં બ્રિડીંગ મળી આવ્યા છે તે એકમોને નોટીસો થમાવવામાં આવી રહી છે.

તંત્રની ટીમો દ્વારા એન્ટી લારવેલ, પોરાનાશક કામગીરી તેમજ સોર્સ રિડક્શનની કામગીરી હાથ ધરવામાં આવી છે અને આગામી દિવસોમાં આ કામગીરી વધુ સઘન રીતે હાથ ધરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. જો વારંવાર બ્રિડીંગ એકના એક સ્થાનેથી મળશે તો આક્રમક પગલા લેવામાં આવશે.

જી.આઈ.ડી.સી. વિસ્તારમાં જેમાં ૯૦ જેટલી ઔદ્યોગિક અને વ્યાપારિક એકમોની વેકટર કંટ્રોલ ટીમ દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. જેમાંથી ૧૭ એકમો અનુક્રમે સપન કંપની, કોટસન પ્રોજેક્ટ લીમીટેડ, વામેન્જુ આઈસી શિલ્ક, પર્વ એન્જીનીયરીંગ, કેઓન પીનપેક્ત, સેમીટ્રોનીક લીમીટેડ, હોળી ફેથ ઈન્ટરનેશનલ, જૈમીન ઈલેક્ટ્રિક, રીચ એન્ડ રીચ આઈસક્રીમ, અમ્ટેક પાવર લીમીટેડ, ઈન્વીટેક કંપની, કેપિટલ રશિયન બેકરી, જી.આઈ.ડી.સી. વોટર સપ્લાયર, વોલ્થમ કંપની, કૃષ્ણ ટીન સપ્લાય, અગ્રોસ ઈમ્પેક્ષજી, રોમાં પ્રિસીઝનમાં મચ્છરોની ઉત્પત્તિ મળી આવતા તેને નોટિસ ફટકારવામાં આવેલ. ભવિષ્યમાં સંક્રમણ ન ફેલાય તે માટે આવશ્યક સૂચનો આપ્યા હતા. આ ઉપરાંત જરૂરી જગ્યાઓ પર ઓઈલીંગની કામગીરી કરવામાં આવી હતી.

# ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની તબિયત લથડતાં યુ.એન. મહેતામાં ખસેડાયા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એકાએક નાદુરસ્ત થતાં તેમને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ગઈકાલે રાત્રે તેમને છાતીમાં દુઃખાવો થતાં તબીબોએ તપાસ્યા હતા. આ પછી તેમણે દુઃખાવાને લઈ ફરિયાદ ચાલુ રાખતાં યુ.એન. મહેતામાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જયાં યુ.એન. મહેતા હોસ્પિટલના તજજ્ઞોએ ચકાસ્યા હતા અને બાયપાસ સર્જરીનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. ચુડાસમાની ખબર-અંતર પુછવા કાર્યકરો, આગેવાનો, ક્ષત્રિય સમાજના આગેવાનો પહોંચ્યા હતા.

# શહેર - જિલ્લામાં પાણીજન્ય રોગચાળાએ દસ્તક દેતાં તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર-જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીજન્ય રોગ ગણાતા ટાઈફોઈડના કેસોએ દસ્તક દેતાં આરોગ્યતંત્ર વધુ એકવાર હરકતમાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સરકારી હોસ્પિટલમાં દસ તેમજ ખાનગી હોસ્પિટલોમાં આ કેસોએ દેખા દીધી છે. તંત્રના ધ્યાને આવતાં તંત્ર પણ ચોંક્યુ છે અને આ માટેની કવાયતો હાથ ધરી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ પાણીના ક્લોરીનેશન માટે શહેરમાં તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખાસ સૂચનાઓ સાથે ક્યારે ક્યારે ક્લોરીનેશન કરવામાં આવે છે. પાણીના સ્ત્રોતોની સફાઈ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાં નીલગાયનો અડ્ડો

**સ્થાનિકોમાં અકસ્માતનો ભય : શહેરમાં નીલગાયની સંખ્યા વિશેષ : ગાય આખલા કુતરા સહીત રખડતા ઢોરની સાથે વન આરક્ષિત વિસ્તારમાં પણ નીલગાયનો વસવાટ : ગમે ત્યારે માર્ગ વચાળે દોડી જતા અકસ્માતની દહેશત**



ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓના અંતે રખડતા ઢોરનો ત્રાસ છે. સ્માર્ટ સીટી તરીકે ઉભરતા શહેરમાં વર્ષો જુની સમસ્યાઓ હજુ દુર થઈ નથી. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં નીલગાયનો ત્રાસ યથાવત છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં ઠેર ઠેર નીલગાય રખડતી જોવા મળે છે. જેના લીધે ઉબડ ખાબડ માર્ગો પર માર્ગ સલાતમી વધુ જોખમમાં મુકાઈ છે.

ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યા જુની છે. સ્માર્ટ સીટી તરીકે ઉભરતા શહેરમાં દાયકાઓ જુની દુવિધાઓનુ નિરાકરણ આવતુ નથી શહેરમાં બધુ ઉપર ઉપરથી સ્માર્ટ બનાવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ સેકટરોની ભીતરમાં ડગલે ને પગલે સમસ્યાઓ સ્થાનિકોના રોષનુ કારણ બની રહી છે. શહેરમાં આજથી ચાર દાયકા પહેલા પણ રખડતા ઢોર જોવા મળતા હતા અને આજે પણ રખડતા ઢોરના મામલે નગર ગોકુળિયુ છે. રખડતા ઢોરના લીધે માર્ગ સલમતી પણ જોખમમાં મુકાય છે. જયારે ગંદકી સહીત વન આરક્ષિત વિસ્તારમાં દબાણ સહીતની સમસ્યા પણ ઉદભવી છે. સેકટરોમાં રખડતા ગાય કુતરાની સાથે નીલગાયનો ત્રાસ પણ વિશેષ છે. શહેરના રહેણાંક વિસ્તાર આસપાસ પણ નીલગાયનો અડ્ડો છે. શહેરમાં અંદાજિત ૭૦૦ જેટલી નીલગાય હોવાનો અંદાજ છે. અગાઉ વનતંત્ર દ્વારા નીલગાયને પાંજરે પુરવા માટે ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી જો કે આ

● અનુસંધાન પાન-૭ પર

# ડીંગુચા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ગેરહાજર ગાયનેકોલોજીસ્ટને નોટીસ ફટકારાઈ

ગાંધીનગર, તા. ૧૨

ડીંગુચા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ગાયનેકોલોજીસ્ટ તબીબ કોઈને પણ જાણ કર્યા વગર ગેરહાજર રહેતાં નાયબ નિયામક ડૉ. એસ.બી. મકવાણાની તપાસમાં બહાર આવતાં નોટીસ ફટકારવામાં આવી છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે નાયબ નિયામકશ્રી દ્વારા જિલ્લામાં સતત તપાસ હાથ ધરવામાં આવી છે. આજે તેઓએ કલોલ તાલુકાના ડીંગુચા સામુહિક આરોગ્ય કેન્દ્રની અચાનક મુલાકાત લીધી હતી.

જિલ્લામાં તબીબો ગ્રામીણ વિસ્તારમાં નિયમિત નહિ જતા હોવાની ફરિયાદો વધી છે. થોડાક સમય અગાઉ ૫૦ જેટલા અધિકારીઓ કર્મચારીઓની અનિયમિતતાને લઈ જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા નોટીસો અપાઈ હતી જે નોંધનીય છે.

નાયબ નિયામકશ્રીએ આજે તેમની મુલાકાત દરમ્યાન ડિલીવરીનું પ્રમાણ અને ઓપીડી આઈપીડીનું પ્રમાણ ઓછુ જણાતાં જરૂરી માર્ગદર્શન સાથે સૂચનો કર્યા હતા. વધુમાં સંસ્થા ખાતે પ્રધાનમંત્રી સાથે સૂચનો કર્યા હતા. વધુમાં સંસ્થા ખાતે પ્રધાનમંત્રી આયુષમાન ભારત યોજના અંતર્ગત કોઈ કીયોસ્ક બનાવવામાં આવેલ ન હતુ તેમજ આયુષ્યમાન કાર્ડ હેઠળ એક પણ ક્લેઈમ આવેલ ન હોઈ કેન્દ્રના અધિક્ષકને કડક તાકીદ કરી તાત્કાલિક કાર્યવાહી કરી કામગીરી શરૂ કરવા જણાવેલ છે. આ મુલાકાત દરમ્યાન તાજેતરમાં અમલમાં મુકાયેલ સ્માર્ટ રેફરલ સર્વિસ અને પેશન્ટ કેર ઈન હોસ્પિટલ કામગીરીની પણ સમીક્ષા કરી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com